**Research Review**
**The Refereed Peer Reviewed International Journal**
**ISSN: 2321-4708**
Vol. 10, Issue: XXX, August, 2023
Paper ID: RRJ397828
https://www.researchreviewonline.com
Publishing URL: https://www.researchreviewonline.com/issues/volume-10-issue-131-january-2024/RRJ397828

# હાજર છે હિંગોળ : એક પરિચય

**સંશોધક**
ડૉ. તીર્થંકર રતુદાનજી રોહડિયા
ગુજરાતી વિભાગાધ્યક્ષ, આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ – બરવાળા,

**૧) પ્રસ્તાવના :**

ભારતીય સાહિત્ય વિશ્વમાં અનોખી ભાત પાડે છે, ગુજરાતનું સાહિત્ય પોતાની આગવી ઓળખ ધરાવે છે. ગુજરાતી સાહિત્યની ધારાની પડખો-પડખ લોક સાહિત્ય અને ચારણી સાહિત્યની ધારા વહી રહી છે. આ ત્રણેય ધારાના વહેણ ક્યાય બંધાઈને સુગાળવા થયા નથી. ચારણી સાહિત્યનુ પ્રદાન ગુજરાત-રાજસ્થાનમાં વિશેષ પ્રમાણમાં જોવા મળે છે. સૌપ્રથમ ચારણી સાહિત્યની હસ્તપ્રત ૯ મી સદીમાં પ્રાપ્ત થાય છે. જો કે ત્યાર પહેલાના કંઠસ્થ પરંપરામાં સચવાયેલ સાહિત્યના દુહા મળી આવે છે જે હેમચન્દ્રાચાર્ય દ્વારા રચિત “સિદ્ધહેમ શબ્દાનુશાસન”માં જોવા મળે છે. વિદ્વાનો ચારણી સાહિત્યના મૂળ ૪ સદી સુધી લઇ જાય છે.

અનોધા નીર ધરાવતું ચારણી સાહિત્ય માવલ સાબાણીથી લઈને આજના પ્રદીપભાઈ ઈશ્રાણી આનંદ મહેડું સુધીના સર્જકોના સર્જનમાં મઘમઘી રહ્યું છે. ચારણી સાહિત્ય મધ્યકાળ સુધી ડિંગળ શૈલીમાં રચાતું આવ્યું છે. ગુજરાતી સાહિત્યના આધુનિક યુગની શરૂઆત સાથે ચારણી સાહિત્ય ગુજરાતી ભાષામાં રચાવા લાગ્યું. આ સાહિત્ય ભલે ગુજરાતી ભાષામાં રચાયું પણ ડીંગળ શૈલીનાં છંદ અને એની આગવી કાવ્યરીતીને અનુસરે છે. ગુજરાતી ભાષામાં રચાવાને લીધે તેની બળકટતા જુસ્સાને લેશ માત્ર પણ અસર થઇ નથી. ચારણી સાહિત્યની આ પરંપરાના એક મહત્વના સર્જક સ્વ. હિંગોળદાનજી નરેલાનું સાહિત્ય ગ્રંથસ્થ કરવાનું સુકાર્ય કવિ શ્રી દિનેશભાઈ માવલ દ્વારા કરાયું છે.

**૨) હિંગોળદાનજી નરેલા : જીવન અને કવન :**

ચારણી સાહિત્યના અદના કવિ એટલે શ્રી હિંગોળદાનજી નરેલા. પોતાની રચનાઓ થકી આજે પણ તેઓ સાહિત્ય તથા લોક ડાયરાના પ્રેમીઓના મનમાં શ્વાસ લઇ રહ્યા છે. હિંગોળદાનજીનો જન્મ તા. ૨૨-૨-૧૯૨૭ ના થયો હતો. માતાનું નામ વાલબાઈ તથા પિતાનું નામ ભગવાનભાઈ હતું. કવિશ્રીનો જન્મ પોતાના મોસાળ લાઠી તાલુકાના ઝરખીયા ગામમાં થયો હતો. લાંગાવદરા શાખનાં ચારણો તેમનું મોસાળ હતું. ભગવાનભાઈને બે સંતાન હતા ૧ હિંગોળદાનજી ૨ જીવુબાબેન.

હિંગોળદાનજીનું વતન ભાવનગર કિશોરાવસ્થા સુધીનો સમય ત્યાં જ વીત્યો. તેમના અભ્યાસ વિષયક વધુ માહિતી મળી શકી નથી પરંતુ બની શકે કે ૫ – ૭ ધોરણનો અભ્યાસ કર્યો હશે. તેમના બહેન જીવુબાબેનના લગ્ન ૧૫ વર્ષની ઉંમરે મહુવા તાલુકાના આંગણકા ગામે થયેલા. લગ્નના થોડા સમય બાદ બહેન વિધવા થયા. આથી બહેનને સહારો આપવા હિંગોળદાનજી આંગણકા બહેનને ત્યાં આવીને રહ્યા. બહેન જીવ્યા ત્યાં સુધી બહેન

Research Review
The Refereed Peer Reviewed
International Journal
ISSN: 2321-4708

Vol. 10, Issue: XXX, August, 2023
Paper ID: RRJ397828
https://www.researchreviewonline.com

Publishing URL:https://www.researchreviewonline.com/issues/volume-10-issue-131-january-2024/RRJ397828

સાથે જ રહ્યા. બહેનને અકેલવાયુ ન લાગે તેથી તેમની સાથે રહેવા માટે થઈને જ હિંગોળદાનજીએ લગ્ન નહોતા કર્યા. કવિશ્રી એ પોતાના જીવનનો મહતમ સમય આંગણકામાં જ પસાર કર્યો.

હિંગોળદાનજીએ જીવન નિર્વાહ ચલાવવા માટે સાયકલની દુકાન કરેલી. ૧ વર્ષ ચલાવી કલમના આ જીવને પાના-પક્કડ સાથે મેળ બેઠો નહિ એટલે સાયકલની દુકાન બંધ કરી દીધી. ફિલ્મો માટે ગીત લખીને ડાયરામાં ગવાતી પોતાની રચના દ્વારા તથા નજીકના સગા મિત્રો કલાકારો અને ચાહકો દ્વારા તેમનો જીવન નિર્વાહ ચાલ્યો. સાથે સાહિત્ય સાધના પણ ચાલી. જુનાગઢ ચારણ સમાજની દિકરાની છાત્રાલયમાં એકાદ વર્ષ પોતાની સેવા આપી હતી. આ સમય દરમ્યાન હિંગોળદાનજીએ દિકરાઓને કાવ્ય શાસ્ત્રના પાઠ શિખવેલ આમ પોતાનું જીવન નિર્વાહ ચાલ્યુંને દિકરાઓને કાવ્યશાસ્ત્ર શીખવા મળ્યું.

સાહિત્યિક ક્ષેત્રે ઉચ્ચ ગજ્જાનું પ્રદાન હિંગોળદાનજીએ કરેલ છે. ૩૦૦ આસપાસ ભજન કવિત ૨૦૦ આસપાસ દુહા ૩૦ આસપાસ ગઝલ તથા ૨૫ જેટલી વાર્તા રચી હોવાનું જાણવા મળેલ છે. જેટલી પ્રાપ્ય બની તેટલી “હાજર છે હિંગોળ”માં સંગ્રહિત કરવામાં આવી છે.

જેટલું ઉચ્ચ કક્ષાનું સાહિત્ય છે તેટલું જ માતબર સાહિત્ય તેમણે સાહિત્યિક સમાજને ચરણે ધર્યું છે. એટલું જ નહિ કવિરાજે “ગોરા કુંભાર” “કંકુ પગલા” “કસુંબીનો રંગ” આદિ ગુજરાતી ફિલ્મો માટે ગીતો લખ્યા છે. લોકડાયરાઓમાં તેમના ભજન દુહા ગીતને લોક કલાકાર આજે પણ હોંશભેર ગાય છે. આકાશવાણી રાજકોટમાં હિંગોળદાનજીનું કેટલીક કલાકનું રેકોર્ડીંગ સચવાઈને પડ્યું છે. તેમની રચનાઓ ઊર્મિનવરચના ચારણબંધુ દેવીપુત્ર દાનેવ દર્શન વગેરે સામાયિકોમાં અનેક વખત પ્રકાશિત થઇ છે, લોકોએ ઝીલી છે. જાન્યુઆરી ૨૦૨૧ માં દિનેશભાઈ માવલ અને નીલેશભાઈ લાંગાવદરાના પ્રયાસ દ્વારા હિંગોળદાનજીનું સાહિત્ય પુસ્તક રૂપે પ્રકાશિત કરવામાં આવ્યું છે. હિંગોળદાનજીની રચના વિના લોક ડાયરો અધુરો ગણાય હિંગોળદાનજીએ ક્યારેય જાહેર કાર્યક્રમ આપ્યા નથી. હિંગોળદાનજીની પ્રકૃતિ શરમાળ હતી માટે દિવાન-એ-ખાસ કાર્યક્રમમાં પોતાની સરસ્વતીને ખાસ લોકોની વચ્ચે અનેક વાર વહેતી મૂકી છે.

હિંગોળદાનજીને અમરનગર રાજ્ય દ્વારા રાજકવિ પદે સ્થાપેલ. નાના રજવાડા વિવિધ સમાજ અને વિવિધ ગામ દ્વારા હિંગોળદાનજીની સાહિત્યિક સાધનાને બિરદાવવા તેમનું પુરસ્કાર સહ સન્માન થયાનું અનુમાન કરી શકાય ખરું. કવિશ્રી હિંગોળદાનજીએ પોતાના જીવનના અંતિમ વર્ષો પોતાના નજીકના મોસાળના સગા જેતપુર નિવાસી શ્રીપ્રવીણભાઈ લાંગાવદરાનાં ઘરે સુખેથી પસાર કરેલ. જેતપુરમાં જ તા. ૧૯-૩-૧૯૯૯ ના રોજ અંતિમ શ્વાસ લઇ આ પૃથ્વી પર અક્ષર દેહને રમતો મેલીને પોતાનો ક્ષર દેહ સંકેલી લીધો. આમ હિંગોળદાનજી ઉચ્ચ સર્જક સાથે સુંદર વ્યક્તિત્વના ધણી હતા.

**3) સમીક્ષા :**

Research Review
The Refereed Peer Reviewed
International Journal
ISSN: 2321-4708

Vol. 10, Issue: XXX, August, 2023
Paper ID: RRJ397828
https://www.researchreviewonline.com

Publishing URL:https://www.researchreviewonline.com/issues/volume-10-issue-131-january-2024/RRJ397828

કોઈપણ પુસ્તકની સમીક્ષા સાહિત્યિક દૃષ્ટિએ બે રીતે થતી હોય છે. ૧) બાહ્ય સમીક્ષા અને ૨) આંતરિક સમીક્ષા. અહી "હાજર છે હિંગોળ" પુસ્તકને બંને લક્ષણો દ્વારા મૂલવવાનો પ્રયત્ન કરીયે.

**અ) બાહ્ય સમીક્ષા :**

પુસ્તકની બાહ્ય સમીક્ષા કરતી વખતે એ ધ્યાન રાખવું જરૂરી છે કે પુસ્તકની વિવિધ દૃષ્ટિથી મુદાસર સમીક્ષા થાય. બાહ્ય સમીક્ષાથી પુસ્તકને જાણવામાં સહેલાઈ રહે છે.

પુસ્તકનું શીર્ષક મકાનની બારી સમાન હોય છે. "હાજર છે હિંગોળ." શીર્ષક પરથી ખ્યાલ આવે છે કે ચારણી સાહિત્યના સુખ્યાત સર્જક હિંગોળદાનના સર્જનને અહી સંગ્રહિત કરવામાં આવી હશે. "હાજર છે હિંગોળ"નું આવરણ ફોર કલરમાં કાચા પૂઠાનું છે. ટાઈટલ નીચે ૩ ડી ઈમેજમાં હિંગોળદાનજીનું ચિત્ર મુકવામાં આવ્યું છે. ફોટા નીચે 'હિંગોળદાનજી નરેલાની સમગ્ર સર્જન યાત્રા' લખ્યું છે. આવરણ પૃષ્ઠમાં નીચે સંપાદન અને સંકલનકાર દિનેશભાઈ માવલનું નામ છે.

સર્જક સ્વ. હિંગોળદાનજી નરેલાના અત્યાર સુધી અપ્રાપ્ય વેર વિખેર કંઠસ્થ સાહિત્યને રજુ કરવાનો સરાહનીય પ્રયાસ અહી થયો છે. પ્રસ્તુત ગ્રંથના સંપાદક તરીકે કવિ દિનેશભાઈ માવલે સુંદર રીતે પોતાની જવાબદારી નિભાવી છે. પુસ્તકનું સંપાદન તથા કૃતિઓનું સંકલન કાર્ય ઉડીને આંખે વળગે તેવું છે. "હાજર છે હિંગોળ" પુસ્તકના પ્રકાશનની જવાબદારી ચરજ નેટવર્ક ભાવી ચારણ એજ્યુ. ટ્રસ્ટ દ્વારા ઉપાડવામાં આવી છે. આ સંસ્થાએ સાહિત્યનો દ્વિતિય મણકો સાહિત્ય જગતને ચરણે ધર્યો છે.

આ પુસ્તકનું પ્રાપ્તિ સ્થાન ચરજ નેટવર્ક ભાવી ચારણ એજ્યુ. ટ્રસ્ટ જામનગરની ઓફીસ છે. ફોન કરવાથી પત્ર લખવાથી ચારણી સાહિત્યના અભ્યાસુને પુસ્તક સુલભ બનશે. હિંગોળદાનજીના સર્જનને સમાવતો ગ્રંથ "હાજર છે હિંગોળ" ૧૪-૧-૨૦૨૧ ના રોજ પ્રકાશિત કરવામાં આવેલ છે.

"હાજર છે હિંગોળ" પુસ્તકમાં હિંગોળદાનજી નરેલાના પ્રાપ્ત થયેલ સમગ્ર સર્જનને સમાવવામાં આવેલ છે. સાથે વિવિધ મહાનુભાવોના સંસ્મરણો ભાવાંજલિ પ્રકાશિત કરેલ છે. આ પુસ્તકની પૃષ્ઠ સંખ્યા ૧૮૮+ મુખપૃષ્ઠ = ૧૯૦ પૃષ્ઠનું પુસ્તક છે. હિંગોળદાનજી નરેલાના સર્જનને મુલવી ન શકાય પરંતુ પુસ્તક પ્રકાશનનો ખર્ચ આવે તે સ્વાભાવિક છે. "હાજર છે હિંગોળ" પુસ્તકનો પ્રકાશનનો ખર્ચ શ્રી જે. બી. જાડેજા દ્વારા આપવામાં આવ્યો છે. પુસ્તકનું મૂલ્ય સ્વૈચ્છિક રાખવામાં આવેલ છે. આ એક નવીન પ્રયોગ છે કે પુસ્તકની કીમત ભાવક નક્કી કરે આમ પ્રસ્તુત ગ્રથની કિંમત ભાવકના ભાવ પર નિર્ભર છે. સર્જક અને તેના સર્જનનું કદ હમેશા ઉચું જ હોય છે. જયારે સર્જકના સર્જનને પ્રકાશિત કરવાનું હોય છે ત્યારે પુસ્તકનું બાહ્ય કદ નક્કી કરવામાં આવતું હોય છે. "હાજર છે હિંગોળ" પુસ્તકનું કદ ડેમી સાઈઝ રાખવામ આવેલ છે.

**બ) આંતરિક સમીક્ષા :**

**Research Review**
**The Refereed Peer Reviewed International Journal**
**ISSN: 2321-4708**
**Vol. 10, Issue: XXX, August, 2023**
**Paper ID: RRJ397828**
**https://www.researchreviewonline.com**
**Publishing URL:** https://www.researchreviewonline.com/issues/volume-10-issue-131-january-2024/RRJ397828

પ્રત્યેક પુસ્તકની બાહ્ય સમીક્ષા સાથે આંતરિક સમીક્ષાનું સવિશેષ મહત્વ રહેલું છે. બાહ્ય સમીક્ષા પુસ્તકના બાહ્ય રૂપની ઝાંખી કરાવે છે. જયારે આંતરિક સમીક્ષા પુસ્તકના સત્વ સુધી ભાવકને પહોચાડવામાં મદદ રૂપ બને છે. “હાજર છે હિંગોળ” પ્રકાશિત કરવાનો સંપાદકશ્રીનો હેતુ ચારણી સાહિત્યના રસિકો માટે અપ્રાપ્ય હિંગોળદાનજીની રચનાઓ સુલભ કરાવવાનો રહ્યો છે.

“હાજર છે હિંગોળ”માં હિંગોળદાનજી નરેલાની સર્જન યાત્રાને સમાવવાનો પ્રયાસ કાબીલ એ દાદ છે. હિંગોળદાનજી રચિત ગીત, ભજન, ગઝલ, વાર્તાઓ પ્રસ્તુત ગ્રંથમાં સુલભ બને છે.

પ્રસ્તુત ગ્રંથ સ્વ. પ્રવીણભાઈ લાંગાવદરાને અર્પણ કર્યો છે તેમાં હિંગોળદાનજી સાથેના સંસ્મરણો રજુ કર્યા છે. બાદમાં પુ. મોરારી બાપુના પુસ્તક પ્રકાશનને આશીર્વાદ આપવામાં આવ્યા છે. હિંગોળદાનજીના કેટલાક ફોટા સાથે તેમની જીવન યાત્રા સ્મરણ યાત્રા રજુ કરવામાં આવી છે.

“હાજર છે હિંગોળ” વિષયક દિનેશભાઈની પ્રકાશન વિષયક કેફિયત સુંદર રીતે રજુ થઇ છે. શ્રી. જે. બી. જાડેજા દ્વારા લખાયેલ પોતાના માનસ પિતા સમાન હિંગોળદાનજી વિષયક દુહા સાથેનો સંસ્મરણ લેખ નોંધપાત્ર છે. સાથે અન્ય કવિ દ્વારા શ્રધાંજલિ રૂપે લખાયેલ દુહા પણ છાપવામાં આવ્યા છે. પ્રસ્તુત પુસ્તકની પ્રસ્તાવના સંપાદક શ્રી દિનેશભાઈ માવલે લખી છે.

આ પુસ્તકમાં શ્રી. જે. બી. જાડેજાના ઓવારણા લેતી ચારણ કલમ વિષયક વિભાગ છે. જેમાં શ્રી જે. બી. જાડેજાને પોંખતા ચારણ સર્જકોના લેખ છે જેમકે શ્રી નારણદાનજી ભાઈજીભાઈ બાલીયા શ્રી મેકરણભાઈ ગગુભાઈ લીલા શ્રી મેઘરાજભાઈ મુળુભાઈ રતન શ્રી દાદુદાનજી પ્રતાપદાનજી મિસણ ‘કવિ દાદ’ તથા દિનેશભાઈ માવલના લેખ ધ્યાનાકર્ષક છે.

ત્યારબાદનો વિભાગ હિંગોળદાનજી નરેલા વિષયક સ્મૃતિ લેખોનો છે. અહી જયમલ્લભાઈ પરમાર મંગળભાઈ રાઠોડ પદ્મશ્રી ભીખુદાનજી ગઢવી પ્રભુદાનજી સુરુ મેરાણભાઈ ગઢવી પ્રો. છેલભાઈ વ્યાસ મીલીન્દભાઈ ગઢવીએ પોતાની કલમ દ્વારા હિંગોળાદાનજીને યાદ કરી તેમના સાહિત્યને પોંખવાનો તથા પોતાના સંસ્મરણો તાજા કરવાનો નોંધનીય પ્રયાસ કર્યો છે.

ત્યારબાદ હિંગોળદાનજીના પદ્ય સ્વરૂપનો વિભાગ પાડવામાં આવ્યો છે. હિંગોળદાનજી રચિત દોહા ગીત ભજન ગઝલ વગેરે વિષય વસ્તુ સ્વરૂપે રજુ થઇ છે. તેમાં વિવિધતા જોવા મળે છે. પ્રથમ મોકળયાળી માતા કુળદેવી તથા કાગબાઈ માતાજીના દુહા ગીત છંદાષ્ટક દ્વારા તેમની આરદા કરી છે સાથે માતાજીની લીલાના ગુણગાન ગાવામાં આવ્યા છે.

હિંગોળદાનજીએ ‘શામળા’ના તખલ્લુથી ૧૦૬ દુહા લખેલ છે. ઉદાહરણ જોઈએ.

“પોતાના જાણી પ્રભુ તુને કહ્યા વેણ કવેણ
નીચા ઢાળીને નેણ તું સાંભળી લેજે શામળા.”[૧]

Research Review
The Refereed Peer Reviewed International Journal
ISSN: 2321-4708

Vol. 10, Issue: XXX, August, 2023
Paper ID: RRJ397828
https://www.researchreviewonline.com

Publishing URL: https://www.researchreviewonline.com/issues/volume-10-issue-131-january-2024/RRJ397828

અહી ચારણનો ઉપાલંભનો હક જોવા મળે છે. હિંગોળદાનજીએ વિવિધ પ્રસંગો વાતો દ્વારા શામળાને રીઝવ્યા છે સાથે ઉપાલંભ આપી પોતાની વ્યથા પણ જણાવી છે.

હિંગોળદાનજીએ પોતાના પરમ મિત્ર અમરનગર નિવાસી સુરગભાઈ ગોવાળિયાને સંબોધીને ૧૬ દુહા લખેલા. જેમાં જીવન મુલ્યોને વણી લેવામાં આવ્યા છે. ચલાળાની દેહાણ જગ્યાના આપા દાન વિષયક ૨૫ (પચ્ચીસ) દુહા હિંગોળદાનજીએ રચ્યા છે. ચલાળાની જગ્યાનું સદાવ્રત આપા દાનાનું તપ દેવત્વને અહી બિરદાવાવમાં આવ્યા છે. આ દુહાઓ દાનેવ પીર પોતાના શિષ્ય ગીગેવ પીરને સંબોધતા હોય તેમ રચવામાં આવ્યા છે. હિંગોળદાનજીએ મામૈયાદાન મોંધાભાઈ લાંગાવદરાને મોંધાઉતના સંબોધનથી ૨૩ દુહા લખ્યા છે. આ દુહાઓમાં સંબંધની સમજણની દાર્શનિક વાત કરવામાં આવી છે. દા.ત.

“વિશ્વાસે વેવાર જગતનો વિશ્વાસે ચાલે વાણ
પણ શંકાનું સમાધાન મળવું મુશ્કેલ મોંધાઉત.”[૨]

ગુજરાતી સાહિત્યના કોમળ કવિ કલાપીની જયંતી પ્રસંગે હિંગોળદાનજીએ છંદ લખી કવિને ભાવાંજલિ પાઠવી છે. હિંગોળદાનજીએ સવૈયા છંદમાં ‘ચાહક કી આરઝુ’ લખી છે જેમાં પ્રેમતત્વ પ્રેમીજનોની વાતને સુંદર રીતે વણી લેવામાં આવી છે. ‘આજ પડ્યો છે રણભૂમિમાં’ કાવ્ય મહાભારતના ઓછા અંકાયેલ છતાં મહત્વપૂર્ણ પાત્ર દાનેશ્વરી કર્ણની વાત રજુ થઇ છે. કવિએ મૃત્યુ શૈયા પર શ્વાસ લઇ રહેલ કર્ણ પાસે શ્રી કૃષ્ણ ખુદ બ્રાહ્મણનું રૂપ લઇ યાચવા જાય છે તે જેમાં કૃષ્ણની કર્ણને મોક્ષ આપવાની અને કર્ણની દાનવીરતા સામસામા પલડામાં રાખી છે.

‘સંદેશા’ નામના ગીતમાં ઉદ્ધવજી દ્વારા ગોકુળના લોક કૃષ્ણને નોતરું દેતું ૧૫ તીથીનું ગીત છે. ૧૫ તિથી મુજબ કૃષ્ણને વિનવવામાં આવ્યા છે. ૧૫ તિથીની વિનંતી સાંભળીને વનમાળી ગોકુળ આવે છે. ‘પતિની આજ્ઞા ઉથાપી’ શિવજી તપમાં બેઠા ત્યારે સતી એકલા થઇ જાય છે. સતીનો દેહ શિવના વિરહમાં અને સ્મરણમાં સાવ કૃશ થઇ ગયો છે. ફરી અવતાર લઇ શિવજીને પામવાની તમન્ના છે. સમાચાર મળે છે કે દક્ષરાજાને ત્યાં યજ્ઞ થઇ રહ્યો છે. જીદ કરીને સતી દક્ષરાજાને ત્યાં જાય છે. શીવને ફરી પામવા માટે પોતાના પતિના થયેલ અપમાનને લીધે પોતાનો કૃશ દેહ સતી યજ્ઞકુંડમાં હોમી દે છે. ‘રામ પરિબ્રહ્મ છે રે’ નામના ભાવગીતમાં રામની પરીક્ષા લેવા પાર્વતીજી સીતાનું રૂપ લઇને જાય છે રામ ઓળખી જાય છે પાર્વતીજી ક્ષોભિત થાય છે તે વાત અહી આલેખાઈ છે.

‘વીરા આ છે સ્વર્થીઓનો સંસારજી’ ભાગીતમાં સંસારમાં જોવા મળતી સ્વાર્થ વૃતિ તથા તેના લીધે લોકો કેવા વર્તન કરે છે તેની કડવી પણ સત્ય વાસ્તવિકતા રજુ કરવામાં આવી છે. ‘રોકાઈ જા આજની રાત’ ભજનમાં જીવને હંસલાનું પ્રતિક નિરૂપવામાં આવ્યું છે. તેની સાથેની વાત તથા જીવનનો સાર શું છે તે જાણવાની અરજ

Research Review
The Refereed Peer Reviewed
International Journal
ISSN: 2321-4708
Vol. 10, Issue: XXX, August, 2023
Paper ID: RRJ397828
https://www.researchreviewonline.com
Publishing URL: https://www.researchreviewonline.com/issues/volume-10-issue-131-january-2024/RRJ397828

કરવામાં આવી છે. 'વીરા મારા મનડાનો ઉત્પાતજી' ભાવગીતમાં મનના આવેગોની વાત કરવામાં આવી છે. જો હૈયું વશમાં રહેતો સુખ શાંતિ મળે અન્યથા ઉદ્વેગ જ મળે છે.

'હવે તું દર્શન દે દિલદાર !' ગીત મોહન (કૃષ્ણ)ને ઉદેશીને લખવામાં આવ્યું છે. જેમાં કૃષ્ણ પ્રેમ અને તેમાંથી ઉપજતો વિરહ કવિથી સહન થતો નથી માટે દર્શન દેવા દિલદાર કહીને પ્રેમ લક્ષણા ભક્તિ દ્વારા કૃષ્ણને વિનવે છે. 'હું પદે આખી દુનિયા હાલી'માં 'હું' પદ અને તેમાંથી સર્જાતું ઘમંડ જેનાથી ભગવાન પણ છેટો રહે છે. 'હું' પદ ત્યાગવાથી સહુથી મોટો લાભ ભગવાન પાસે આવશે તેવું કવિનું માનવું છે. 'વંદે વેદ વાણી' નામની ગઝલમાં કવિ એ પ્રભુ શું છે  વિવિધ લોકોએ પોતાની રીતે એને પીછાણ્યાની વાત અહી કરે છે. 'કૃપા ચાહતા હું' કવિની આ ખુબ જ સુખ્યાતી પામેલ ગઝલ છે. ભગવાનની કૃપા સહુ કોઈ ચાહે છે એમ કવિ પણ અહી ભગવંત કૃપા યાચતા સુંદર ગઝલનું આલેખન કરે છે. એક શેર જોઈએ..

"હોંસલા ન હારું જીવનકી અંધેરી સફર મેં
તેરી છોટી સી સબર કી શમા ચાહતા હું."(3)

'પ્યાર કરી લે' નામની આ ગઝલમાં ભારતીય જીવન દર્શન ઝીલાયું છે. પરમેશ્વર કૃપાળુ તથા ન્યાય પ્રિય છે પ્રભુની કૃપા અપરંપાર છે તેવું જણાવ્યું છે. એક શેર જોઈએ...

"ઈશ્વર કૃપા કૈક યત્ન કરો માંગ્યું ઈ મળનાર નથી
મનુષ દેહ 'હિંગોળ' મળ્યો ઈ હરિનો શું ઉપકાર નથી"(4)

"સરવણ કાવડ્યું" ગીતમાં શ્રવણ પોતાના માત-પિતાને જાત્રાએ લઇ જાય છે. તરસીયા માં-બાપ માટે ઘડો લઇ સરોવરમાં પાણી ભરવા જાય છે ત્યાં દશરથ રાજાના શબ્દવેધી બાણથી મૃત્યુ પામે છે. 'શમણા' નામના ગીતમાં કવિને પ્રકૃતિ શાંતિ અને અહિંસાના સપના આવે છે. જે રૂપાળા અને મનભાવન છે.  'મધુરો કલકલ' નામના આ ભાવગીતમાં નદીમાં પુર આવતા તેણે વેરેલ વિનાશ અંતે પોતાનો ઉદ્વેગ શાંત થતા કાંઠેથી વૃક્ષો વગેરે નદીના ઉદ્વેગ નામના પૂરમાં તણાઈ ગયાનો ખ્યાલ આવતા તેને એકલતાનો અનુભવ થયો.

'શ્રદ્ધા ચાલી ગઈ રે' ભાવગીતમાં માણસ દ્વારા કરવામાં આવતા અનીતિના કાર્યો થકી પ્રાપ્ત થતી અશાંતિની વાત જણાવવામાં આવી છે. 'વિધિની અજબ વાતું રે' પ્રસ્તુત ભાવગીતમાં કવિએ સમુદ્ર મંથન થકી નીકળેલ ચૌદ રત્નોમાં કોને ભાગે શું આવ્યું  અંતે નીકળેલ હળાહળ ઝેર જેને કોઈ પીવા તૈયાર ન થતા શંકર તૈયાર થાય છે. શંકર ઝેર પીવે છે. ઝેર પોતાની હાર કબુલીને શંકરના ગળામાં અટકી ગયાનું કવિ માને છે. 'જીવન ક્ષણિક જાણો રે' ભજન પર પાનબાઈના 'વીજળીના ચમકારે' ભજનની અસર દેખાઈ આવે છે. અહી કવિએ જીવન વીજળીનો ચમકારો હોવાનું અને એ ચમકારામાં સદકાર્યો પુણ્ય અને ભક્તિ થકી જીવન સુધારી લેવાની વાત છે.

Research Review
The Refereed Peer Reviewed
International Journal
ISSN: 2321-4708
Vol. 10, Issue: XXX, August, 2023
Paper ID: RRJ397828
https://www.researchreviewonline.com
Publishing URL: https://www.researchreviewonline.com/issues/volume-10-issue-131-january-2024/RRJ397828

'આ સ્નેહીનો સમૂહ' પ્રસ્તુત ભાવગીતમાં અર્જુને યુધ્ધ મેદાનમાં જોયેલા પોતાના સગાઓની સાથે યુદ્ધ નહિ કરી શકે તેવી થયેલી વ્યથા અહી રજુ કરવામાં આવી છે. 'હરિ આવો' ભાવગીતમાં હોળી રમવા માટે કૃષ્ણને ઈજ્જન આપવામાં આવે છે. એક કૃષ્ણે અનેક ગોપીઓને પ્રેમના રંગે તેના જીવનને રંગી નાખ્યાની વાત કરવામાં આવી છે. 'વિશુદ્ધ પ્રેમને' અહી હિંગોળદાનજીએ સાચી લાગણીને ભાવગીતમાં રજુ કરવાનો પ્રયત્ન કર્યો છે. વિશુદ્ધ પ્રેમ અને લાગણીવેડા વચ્ચેનો તફાવત અદભૂત રીતે કવિએ અહી સમજાવ્યો છે.

'ધૂમતું ઘટડામાં ઘમસાણ' સારા-નરસા સુખ-દુઃખની સ્થિતિમાંથી પસાર થવું એ જ જીવની વાત કવિએ સુંદર રીતે સમજાવવાનો પ્રયત્ન કર્યો છે. 'એકલો' ભાવગીતમાં અન્યને સુખ શાંતિ સન્માન આપીને જાતે બધું જ સહન કરી લેવું તેવો કવિનો ભાવ રજુ થયો છે. 'જીવ તું હરિભજન કર'માં કવિ હરિભજન થકી તરી જવાની વાત કરે છે. કાયા પદ સમૃદ્ધિ બધું બાહ્ય સુખ છે. આંતરિક સુખ ભજન છે.

'ખુદને ખબર નથી કે' ગઝલ દ્વારા કવિ પોતાનું જીવન જે રીતે પસાર કરી રહ્યા છે. ઈશ્વર દ્વારા અપાયેલ આ દુઃખને સહર્ષ પ્રસાદ ગણી સ્વીકારીને પોતાનું જીવન હરિ સ્મરણમાં પસાર કરી રહ્યા છે. 'ઊર્મિ ઉપજી અંતરથી' ગઝલમાં કવિ જીવન મુલ્યો જીવનની ગતિની વાત વિવિધ રીતે સમજાવે છે. પોતાની જાતને કવિ બન્યા નથી તેમ કહી ઠપકો પણ આપે છે. 'શા માટે' વિવિધ પ્રશ્નોની રજૂઆત થકી દાર્શનિક વાત આ ગઝલમાં રજુ કરવામાં આવી છે. કર્મ સુખ-દુઃખ વગેરે ભોગવ્યે જ છૂટકોની વાત કરી પુણ્ય તરફ વળવા ઈશારો કવિ કરે છે.

'ગોરો ખૂંદે ગારો' હિંગોળદાનજીએ આ ગીત 'ગોરા કુંભાર' ફિલ્મ માટે લખેલ છે. ગોરા કુંભાર ભક્તિમય જીવન જીવે છે ગારો ખુંદતા ભગવાનની ભક્તિમાં લીન થઇ જાય છે. તેનું નાનું બાળક ભૂલથી રમતું રમતું ગારામા આવી જાય છે. ગોરો ગારો ખુંદવામાં પોતાના બાળકને ખુંદી નાખે છે. ભગવાન પ્રસન

,થઇ બાળકને સજીવન કરે છે. 'ગુમાન ભર્યું એ જ્ઞાન હતું' કવિએ આ ગીત દ્વારા માનવીને થતા ભાસ આ ભાસ બાબત પોતે જે માને છે તેવું ન નીકળતા એ જ્ઞાન ગુમાન ભર્યું લાગે છે. 'કામિની કહે છે કંથ' આ ગીત દ્વારા એક સ્ત્રીના ભાવ સ્ત્રીના હૈયેથી બોલાયેલ દર્શાવામાં આવ્યા છે જે મદિરાપાન કરતા પતિ માટે છે. મદિરાપાન કરતા પ્રત્યેક માનવી માટે છે. દારૂ પીનાર માણસની પત્નીના દુઃખને રજુ કરવામાં આવ્યું છે.

'નદી નીર બનીને' ગીતમાં નદીના પાણી પોતાના ઉદગમ સ્થાનથી પોતાના ગંતવ્ય સ્થાન સુધીમાં અનેક સારી નરસી વસ્તુને સાથે લઇ વહેતી રહે છે અને સાથે સહુને પોતાનામયી બનાવી વહેતા રહેવાની વાત નદી સમજાવે છે. 'મનવા તુને એ જ મળેલ જી' માણસ જે વાવે જે કર્મ કરે તે જ એને મળે છે તેવી સુંદર વાત કરતું આ ભાવગીત છે. 'માનવી નવ થતો નાદાનજી' ભાવગીતમાં કવિ સ્વાર્થ ત્યજવાની દંભ ત્યજવાની તથા હરિ પર ભરોસો રાખવાની વાત કરે છે. આમ કરશે તેનો ભેરુ ભગવાન છે. તેવો દિલાશો પણ આપે છે.

'એ કાળ રે જાશે' ભાવગીતમાં મનુષ્યને બોધ આપતા કવિ સુકાર્યો થકી મૃત્યુ બાદ પણ કીર્તિ પ્રાપ્ત કરવાની વાત સાથે સુકાર્યો અને દુઃશ્કાર્યોની સમજણ આપવાનો પ્રયત્ન કરે છે. 'વિઠ્ઠલની આંખે પાણીડા' સુદામા

Research Review
The Refereed Peer Reviewed
International Journal
ISSN: 2321-4708
Vol. 10, Issue: XXX, August, 2023
Paper ID: RRJ397828
https://www.researchreviewonline.com
Publishing URL:https://www.researchreviewonline.com/issues/volume-10-issue-131-january-2024/RRJ397828

કૃષ્ણને મળવા માટે દ્વારકા જાય છે ત્યારે તેના હાલ જોઈ કૃષ્ણને ખુબ દુઃખ થાય છે. તેનું ભજન છે. 'દોરંગા'ને દાધારીંગાથી રે' આ ભાવગીતમાં જે મનુષ્ય સ્વાર્થી છે ઘડીકમાં રંગ બદલે છે પંચાતીયા છે ઈર્ષાળુ છે તેનાથી દુર રાખવાની ભગવાનને ભલામણ કવિ કરે છે.

'સંતો ત્યાગ ભાવના ત્યાગી'માં સંતોને મીઠો ઠપકો આપતું ભાવગીત છે. સંતોએ પોતાની ત્યાગ ભાવના ત્યાગી એટલે લોકો સ્વાર્થ અનિષ્ટ આચરવા લાગ્યા માટે સંતો ફરી ગીતાજ્ઞાન આપવા લાગે પોતાનો ધરમ સાચવીને સહુને ઉપદેશ આપવા લાગે જેથી મનુષ્ય સદમાર્ગે વળે તેવી ભાવના કવિ સેવે છે. 'થઇ ઉતાવળો' નામના ભાવગીતમાં ભમરાને કવિ ફૂલ પર ન બેસવા સમજાવે છે ત્યારે ભમરો પ્રેમ વિનાનું જીવન મારે નથી જોઈતું તેમ જણાવી પ્રેમની તરફેણ કરી'ને ફૂલ પર બેસે છે. સાંજ પડતા ફૂલ બિડાય જાય છે. આમ ભમરો મૃત્યુને ભેટે છે. 'બાપૈયો પીએ મેઘના પાણી'માં રસ્તામાં બાપૈયો ઘાયલ અવસ્થામાં પડ્યો છે. મુસાફર તેને પાણી પીવડાવા ગંગા નદીમાં ડૂબકી મરાવે છે. બાપૈયો ડૂબકી મારવા છતાં પોતાની ચાંચ બંધ રાખી આકાશ તરફ જોઈ સ્વાતી નક્ષત્રના વરસાદના પાણીની રાહ જુએ છે.

'લઇ દુઃખિયા ઉભા રે - વારે કોઈ ના ચડ્યા' ભાવગીતમાં પીડિત-શોષિતની વ્યથા રજુ કરવામાં આવી છે. પૂંજીપતિ વગદાર લોકો પોતાનું ધાર્યું કરાવે છે. જગત વિનાશને આરે ઉભું છે તેવું કવિને લાગે છે. 'નોંધારી ડોલે નાવડી'માં કવિ અંધારી રાત્રે જીવનરૂપી દરિયામાં નાવડી ચલાવવાની અને તેમાં દુઃખ રૂપી આફતોથી ઉગારવાની પ્રભુને ભલામણ કરે છે. 'ખેલ લેજો ખેલી' ભાવગીતમાં પ્રભુએ આપેલ માનવ દેહ થકી પ્રભુ ભક્તિ સત્કર્મો કરવા સુખ-દુઃખ સહી લેવા તથા પ્રભુના શરણે રહેવા જણાવે છે.

'નમણા ખાખરીયા' ગીતમાં વસંત ઋતુના આગમનની વાત તેના થકી પ્રકૃતિમાં થતા ફેરફાર સાથે પૃથ્વી કેવી મ્હોરી ઉઠી તેનુ સુંદર વર્ણન કરવામાં આવ્યું છે. 'ધોખો અજ્ઞાનીનો' ભાવગીતમાં અજ્ઞાની મુર્ખ લોકોનું દુઃખ ન લગાડી તેને વળતો જવાબ ન આપવા તથા પોતાનો પ્રેમપંથ ન બદલવા કવિ ભલામણ કરે છે. 'ઢેલડિયું ને ઢુંગે આજ ટહુક્યો મોરલીયો' ગીત લોકગાયક સરોજબેન ગુંદાણી માટે લખવામાં આવ્યુ હતું. વરસતા વરસાદમાં નાયક નાયિકાના મિલનની વાત સંયમ સાથે મોર ઢેલના પ્રતિક રૂપે કરવામાં આવી છે. મિલન બાદની નાયિકાની સ્થિતિ વાયરો તેની છેડતી કરે છે વગેરે સુંદર રજૂઆત આ ગીતને લોકપ્રિય બનાવે છે.

'આશા' અહી નાયિકાના મનમાં ઉગતા ઉછળતા વિવિધ ભાવને આશાભરી યુવતીના હૃદયોદગારને ઝીલવાનો પ્રયત્ન કવિએ કર્યો છે. 'ખરખરો ખાંડનો' પ્રસ્તુત ગીતમાં કવિએ ભ્રષ્ટાચારીઓ સંગ્રહખોરો રાજકારણીઓ વગેરે પર કટાક્ષના કોરડા વીંઝ્યા છે. 'આ જીવન લાગે એકલવાયું' ભાવગીતમાં કવિને સાલતા એકાકી જીવન વિષયક વ્યથા રજુ કરવામાં આવી છે. આ શરીર અને મન હવે એકલવાયાપણાને લીધે મૂંઝવણ અનુભવી રહ્યું છે.

Research Review
The Refereed Peer Reviewed
International Journal
ISSN: 2321-4708

Vol. 10, Issue: XXX, August, 2023
Paper ID: RRJ397828
https://www.researchreviewonline.com

Publishing URL:https://www.researchreviewonline.com/issues/volume-10-issue-131-january-2024/RRJ397828

'દાન મહારાજ દયાળુ' નામના ભાવગીતમાં દાન મહારાજની કુળ પરંપરા તેનું દેવત્વ દાન મહારાજની જગ્યાનો રોટલો લોકોની શ્રદ્ધાની વાત કરી કવિ દાન મહારાજને કવિ પોતાને તારવા વિનંતી કરે છે. 'દાનેવ દ્વારે સદા દિવાળી'માં કવિ આપા દાનાનાં ગુણગાન ગાય છે. ચલાળાની જગ્યાને બિરદાવે છે દાનેવ ભગત પાસે આવનાર ક્યારેય ખાલી હાથ જતો નથી તે અનુભવિક વાત કરે છે. 'શ્રી કચ્છી મહારાજની આપેલ પાદપૂર્તિ' અહી કવિએ કોઈ કચ્છી મહારાજે પાદપૂર્તિ માટે આપેલ પંક્તિ તેના પરથી કાવ્ય લખી આપ્યું હતું. જેના નામના ઓઢણા ચુંદડી ઓઢી તેને જ વફાદાર રહેવાની વાત કરવામાં આવી છે. ભલે કંથ ગમે તેવો હોય પત્નીએ પતિને પરમેશ્વર માની તેના ગીત ગાવાની વાત કવિ કરે છે.

'વાલા મારા વિચિત્ર' ભાવગીતમાં જગતના વહેવારો દોરંગા મનુષ્યો સમાજમાં જોવા મળતી બદીઓની વાત કવિએ કરી છે સાથે દુનિયા ચકડોળે ચડ્યાની સાથે સરખાવી છે. 'કોને ખબર છે બેની' ભાવગીતમાં વર્તમાન સમયમાં ભક્તિમાં રત રહી મોજ માણવાની સલાહ સાથે કળજુગની વાત કવિ કરે છે. 'આતમને ઓઝલ રાખમાં' અંજલી કાવ્ય નાટ્ય સંપદા નામની નાટ્ય મંડળીના 'આત્માને ઓઝલમાં રાખમાં' નામના નાટકને કવિએ અંજલી આપી છે. નાટકમાં આવતા વિવિધ પાત્રો નાટકની સફળતા પ્રેક્ષકો દ્વારા પ્રશંસા વગરે વાત લઈને અંજલી કાવ્ય લખેલ છે.

'જીવે ઘોડા જીવે ઘોડા' ગીતમાં ઘોડાની ખાનદાની તેની સમજદારી સાથે ઘોડાના ગુણગાન ગાવામાં આવ્યા છે. 'માલબાપાના દોહા' માણેકવાડાના નાગદેવતા માલબાપાના કવિએ ૫(પાંચ) દુહા લખ્યા છે જેમાં માલબાપની વાત દૈવત્વ તથા તેની લીલાની વાત કરી છે. 'ભગતબાપુના દુહા' અહી કવિ દુલા કાગ વિષયક ૪ (ચાર) દુહા લખ્યા છે. જેમાં દુલા કાગની વિશિષ્ટ ઓળખ આપવામાં આવી છે.

'શ્રી સત્યાનંદજી બાપુનો સવૈયો' તપોવન આશ્રમ ચાંચકવડ – ઉનાનાં તપસ્વી સાધુ શ્રી પુ. સત્યાનંદજી બાપુ પ્રત્યે હિંગોળદાનજી પુરો આદર ભાવ હતો તેના વિષેનો આ સવૈયો છંદ લખેલ છે. 'પ્રાસ્તાવિક છપ્પઈ'માં ખારવણના વિરહની વાત કરવામાં આવી છે. અનેક ખારવણના વિરહના આંસુ થકી દરિયો ખારો થઇ ગયાનું કવિ કથે છે. 'શ્રી કૃષ્ણની બંસી' નામના કવિતમાં કૃષ્ણ વાંસળી વગાડે ત્યારે ગોકુળમાં વિવિધ જીવ પ્રકૃતિ પર તેની જે અસર થતી તેના વિષે કવિ અહી વર્ણન કરે છે.

'કૃષ્ણ જન્મ કવિત'માં પૃથ્વી પર અધર્મ અનીતિ દુરાચાર વધી જતા ભગવાન વિષ્ણુને કૃષ્ણ સ્વરૂપે અવતાર ધારણ કરવો પડે છે ધર્મનું ફરી સંસ્થાપન કર્યાની વાત કરી છે. 'હંસલા હાલોને' પ્રસ્તુત ગીત હિંગોળદાનજીએ 'કસુંબીનો રંગ' ફિલ્મ માટે લખેલ ખુબ જ સુખ્યાત બન્યું છે. મનને હંસલા તરીકે સંબોધીને નાયિકા વાત કરે છે. માણસને આશા બાંધતા ક્યાં નથી આવડતું ! ક્યારેક આશા જુઠી બંધાય ત્યારે હૃદય પર કારમો ઘા લાગતો હોય છે. ધીરે ધીરે નાયિકાનો પ્રેમનો દીવો પ્રગટ્યો છે એને વાયરા વરસાદ વગેરેથી સાચવ્યો છે. નાયિકાનો સાયબો દુર હોવાથી નાયિકા કહે છે કે એ આવે ત્યારે કહેજો કે એના નામની ચુંદડી મારી લાશ પર

Research Review
The Refereed Peer Reviewed
International Journal
ISSN: 2321-4708
Vol. 10, Issue: XXX, August, 2023
Paper ID: RRJ397828
https://www.researchreviewonline.com
Publishing URL:https://www.researchreviewonline.com/issues/volume-10-issue-131-january-2024/RRJ397828

ઓઢાડે કેમ કે મેં તેના નામની ચુંદડી મનોમન ઓઢી લીધી છે. આ દેહ બળી જશે પણ મારો અમર પ્રેમ ક્યારેય નહિ બળે તેવો નાયીકાનો ભાવ અદભુત રીતે અહી રજુ થયો છે.

"હાજર છે હિંગોળ"નો ત્યારબાદનો વિભાગ શ્રદ્ધાંજલિનો છે. હિંગોળદાનજીએ નજીકના હતા તેમાંથી કેટલાક અંગત લોકોને શ્રદ્ધાંજલિ રૂપ કવિત ઈત્યાદી લખીને પોતાનો ભાવ પ્રગટ કર્યો છે. મનુભા બાપુ ધંધુકા વિષે ૨૮ દુહા મહાત્મા ગાંધીજી વિષે ૩ સવૈયા તથા ૧ દુહો મહારાજા કૃષ્ણકુમારસિંહજી વિષે ૧ કવિત અને ૪ દુહા જવાહરલાલ નહેરુ વિષે ૧ કવિત અને ૧ દુહો ઇન્દિરા ગાંધી વિષે ૧ કવિત દુલા ભાયા કાગ વિષે ૧ છપ્પય તથા ૭ દુહા હેમુભાઈ ગઢવી વિષે ૧ છપ્પય અને ૨(બે) દુહા મેરૂભા ગઢવી વિષે ૧ કવિત કરણદાનજી ગઢવી(સનાળી) વિષે ૧ કવિત બાપલભાઈ ગઢવી(સુરેન્દ્રનગર) વિષે ૫ દુહા વંથલીના મણીભાઈ વામજા વિષે ૧૭ દુહા ચલાળાના નાથાલાલ ચંદારાણા વિષે ૩ દુહા મેકરણભાઈ લીલા વિષે ૩ દુહા સુરગભાઇ વરુ વિષે ૧ છપ્પય તથા ૫(પાંચ) દુહા ડુંગરના કલ્યાણજીભાઈ વિષે ૧ દુહો દેવાયતભાઈ વરુ વિષે ૩ દુહા કાનજી ભુટા બારોટ વિષે ૪ દુહા નાનજી કાલિદાસ મહેતા(પોરબંદર) વિષે ૧ ગીત કનુભાઈ બારોટ વિષે ૧ દુહો અમરનગરના જશકરણભાઈ સુરુ વિષે ૧ દુહો પિંગળશીભાઈ લીલા વિષે ૧ દુહો ચાંચઇ દરબાર જીવાવાળા સાહેબ વિષે ૧ ગીત ગેડીના રાણા મહેન્દ્રસિંહજી વિષે ૧ છપ્પય તથા ૨(બે) દુહા કવિ 'સરોદ' વિષે ૧ કવિત રાવતભાઈ મામૈયાભાઈ વિષે ૧ કવિત જયમલ્લ પરમાર વિષે ૨(બે) દુહા મગનભાઈ ગોંડલીયા વિષે ૨(બે) દુહા મૂળીના માનભાઈ ગઢવી વિષે ૨(બે) દુહા. આ રીતે હિંગોળદાનજી એ પોતાની શૈલીમાં શ્રદ્ધાંજલિ પાઠવી છે.[૫]

પ્રસ્તુત પુસ્તકમાં ત્યારબાદનો વિભાગ હિંગોળદાનજી નરેલા લિખિત વાર્તા વિષયક છે. અહી કવિરાજની વિવિધ ૯ વાર્તાઓ પ્રાપ્ત થતા તેને સંગ્રહિત કરવામાં આવી છે. વાર્તાઓ આ મુજબ છે. 'આભને ટેકા' કથામાં વજાજી સરવૈયા રાવળ જામ અને ઇસરદાસજી રોહડિયાની વાત છે. 'પોરહા વાળાની પ્રસંગ કથા'માં ગીરમાં દુષ્કાળ ઉતારવા ગયેલ ચારણ ચારણ્ય દરબાર પોરહા વાળાની વાત દુહાબદ્ધ આલેખવામાં આવી છે. 'સતની બાંધેલ ભોમકા'માં સાધુ વાઘજી ગીરના સંસારી છતાં સન્યસ્ત જીવન જીવતા દંપતી વેલદાસજી અને લક્ષ્મીબાઈની વાત કરવામાં આવી છે. 'મહાનુભાવ' વાર્તામાં ભાવનગર દિવાન સર પ્રભાશંકર પટ્ટણી તથા એક સ્વામીની વાત છે. 'કરુણાના જળ' વાર્તામાં દલિત સાધુ રઘુવીરદાસજી દરબાર અને ચાર લુટારુની કથા છે. 'એ... આવ્યો'માં ઉતર ભારતના વ્યંકટરાવ નામના બંદુકબાજને અનેક ઇનામ મેળેલ તે અંગ્રેજ સાથે ગીરના જંગલમાં સિંહના શિકારે આવે છે ત્યાં સિંહનો શિકાર કરે એ સાથે પોતે પાગલ થઇ જાય છે તે કથા આલેખવામાં આવી છે. 'એના પેટમાં પાંડવ પાકે' અહી કુંતાની સમજણ ત્યાગ સન્યસ્ત જીવન અને સ્નેહની કથા છે. જેના દ્વારા સર્જક કુંતાના પેટમાં જ પાંડવ જ પાકે તેમ કહે છે. 'નાકના જુનવાણી નોક' વાર્તામાં કુરજી પટેલની ઘોડી ચોરાઈ જાય છે પદમાં પટેલ તેને વીરપરના વીરા દેથરીયા પાસે અને ત્યાંથી તેને ચાવંડના વિભા ડેર પાસે લઇ જાય છે.

Research Review
The Refereed Peer Reviewed
International Journal
ISSN: 2321-4708
Vol. 10, Issue: XXX, August, 2023
Paper ID: RRJ397828
https://www.researchreviewonline.com
Publishing URL: https://www.researchreviewonline.com/issues/volume-10-issue-131-january-2024/RRJ397828

ઘોડી પાતાભાઈના કંટાળા ગામમાં છે. ત્યાં લડાઈ થાય છે તેની કથા છે. 'કરાફાત કાળુડી' વાર્તામાં અલમપરના દરબાર અને તેની વફાદાર અને જાતવંત ઘોડીના શૌર્યની વાત કરવામાં આવી છે.

આમ પ્રસ્તુત ગ્રંથની વિષય વસ્તુમાં જોઇએ તો ભક્તિ કટાક્ષ વાસ્તવ દર્શન જીવન દર્શન જીવન મુલ્યો ચરિત્રાલેખન શ્રદ્ધાંજલિ લોકકથા ધાર્મિકતા વગેરે ભાવગીત ગઝલ દુહા-છંદ ભજન અને લોકવાર્તા રૂપે પ્રાપ્ત થાય છે. વિષય વૈવિધ્ય સાથે સ્વરૂપ વૈવિધ્ય હિંગોળદાનજી પાસેથી પ્રાપ્ત થાય છે.

"હાજર છે હિંગોળ"ની વિષય વસ્તુની રજૂઆત ગદ્ય તથા પદ્યમાં છે. "હાજર છે હિંગોળ" ગ્રંથમાં ૨૭૬ દુહા ૮ છંદાષ્ટક ૩૩ ભાવગીત ૮ છપ્પય ૨૩ સોરઠા ૮ છંદ ૧૨ સવૈયા ૩ કવિત ૧ તિથીગીત ૩ ભજન ૬ ગઝલ ૧૨ ગીત ૭ ઝૂલણા ૧૦ શ્રદ્ધાંજલિ કાવ્યો તથા ૯ લોકકથાઓ સંગ્રહિત કરવામાં આવી છે.

પ્રસ્તુત ગ્રંથ નવલકથા કે અન્ય સળંગ ક્રમિકવાળું સર્જન ન હોવાને કારણે એકસુત્રતા જળવાતી નથી. સંપાદકે જુદા-જુદા વિભાગ દ્વારા સર્જનને વિભાજીત કર્યા છે. "હાજર છે હિંગોળ" ગ્રંથમાં ચારણી સાહિત્યના વિવિધ સ્વરૂપ તથા વિવિધ વિષયની રચનાઓ પ્રાપ્ત થાય છે. સર્જકશ્રીએ છંદશાસ્ત્રનું જ્ઞાન વિધિવત રીતે પ્રાપ્ત કર્યું નથી પરંતુ જ્ઞાતિગત સંસ્કાર અને કોઠાસૂઝ દ્વારા આ સર્જન થયું છે. અહિ કવિએ ચારણી સાહિત્ય લોક સહિત્ય અને શિષ્ટ સાહિત્ય એમ ત્રિવિધ ગુજરાતી સાહિત્યની ધારામાં પોતાની કલમ ચલાવી છે.

સાહિત્ય અગાધ દરિયો છે. સાહિત્યની વિવિધ ધારાઓ તેમાં પ્રવાહિત થતી રહે છે. તેમાં ચારણી સાહિત્યનું પણ મહત્વ છે. "હાજર છે હિંગોળ" ગ્રંથમાં પ્રકાશિત સર્જન આજ સુધી અપ્રકાશિત હતું. પ્રકાશન થયા બાદ સર્જક અને સર્જન બંને કસોટીએ ચડશે તેમાંથી પસાર થઇ આ સર્જન ઉતમતાના શિખર પર જઈ બિરાજશે એવું પસાર થતા લાગી રહ્યું છે.

પ્રસ્તુત હિંગોળદાનજીનું સર્જન ગુજરાતીમાં ચારણી શૈલી વાળું છે છતાં આજના ભાવકને સરળતા રહે તેવી ભાષા શૈલી પ્રયોજાયેલ છે. જેમાં ધર્મ વાસ્તવિકતા ચરિત્ર પ્રકૃતિ પ્રણય લોક કથા વગેરે વિષય સ્વરૂપે આવે છે. જે ચારણી સાહિત્ય ગુજરાતી સહિત્ય ધાર્મિક સાહિત્ય અને લોક સાહિત્ય સાથે અનુબંધ ધરાવે છે.

હિંગોળદાનજી નરેલા ચારણી સાહિત્યની પરંપરાના વાહક હતા માટે ચારણી સાહિત્યની શૈલીના વિવિધ દુહા-છંદ કવિત ગીતનો પરિચય પ્રાપ્ત થાય છે. સર્જક પોતે જે પરંપરાના છે તેને સંપૂર્ણ વફાદાર રહીને સહજ સર્જન કર્યું છે. પ્રસ્તુત ગ્રંથ પ્રથમ વાર હિંગોળદાનજીનું સાહિત્ય જનસમાજ સમક્ષ રજુ થઇ રહ્યુ છે જે ઉતમ ગુણ માની શકાય, તો ક્યાંક-ક્યાંક પ્રિન્ટીંગ ભૂલ આ ગ્રંથનો દોષ બની રહે છે. દોષ જોવા વાળાને દોષ જ દેખાશે જ્યારે સહૃદય ભાવકને સાહિત્યિક ગંગામાં ડૂબકી મારવાનો આનંદ મળશે.

ચારણી સાહિત્યમાં સર્જક જોયેલું જાણેલું માણેલું હોય તેને શબ્દબદ્ધ કરતા આવ્યા છે. પ્રસ્તુત ગ્રંથમાં ચારણ સર્જક હિંગોળદાનજી નરેલા કલ્પન કરતા પણ તેમાં રાચતા નહિ માટે તેનું સર્જન સત્યની વાસ્તવિકતાની વધુ નજીક લાગે છે. અહી પ્રસ્તુત સર્જનની વિષય વસ્તુ લોક સમાજ વિદ્વાન દ્વારા પોંખાયેલ હોય સંપૂર્ણ વિશ્વસનીય

છે ગુણવત્તા યુક્ત ગ્રંથ છે. સર્જક હિંગોળદાનજીનું સર્જન વર્ષોથી લોક ડાયરા તથા સાહિત્યિક જગતમાં સુખ્યાત રહ્યું છે. પરંતુ કવિનું સર્જન ગ્રંથસ્થ ન હોવાથી તેમના સાહિત્યથી સંપૂર્ણ વાકેફ ન રહેનાર ભાવક વર્ગ લોક કલાકાર અને આવનાર સાહિત્ય પ્રેમી પેઢી માટે આ પ્રકાશન મહતમ ઉપયોગી અને રાહ ચિંધનારૂ બનશે જ તેવી આશા છે.

**૪) ઉપસંહાર :**

"હાજર છે હિંગોળ" ગ્રંથ દિનેશભાઈ માવલ તથા નીલેશભાઈ લાંગાવદરાના પ્રયાસોથી પ્રકાશિત થયો. જેમાં અન્ય લોકોનો ફાળો પણ નોંધપાત્ર છે. પ્રસ્તુત લેખમાં સર્જકનો પરિચય આપી પુસ્તકને સમીક્ષાના વિવિધ આયામથી તરાસવાનો નમ્ર પ્રયાસ કર્યો છે. હિંગોળદાનજીના સાહિત્યમાંથી પસાર થતા આપણને ખ્યાલ આવે છે કે કવિએ વિવિધ વિષયો અને સ્વરૂપ પર પોતાની કલમ ચાલવી છે. દરેક વિષયને યોગ્ય ન્યાય આપીને સર્જકે પોતાનું સર્જક કર્મ યોગ્ય રીતે નિભાવ્યું છે. વસ્તુતઃ ચારણી સાહિત્ય હિંગોળદાનજી અને તેમના સાહિત્યથી અપરિચિત લોકોએ પ્રસ્તુત ગ્રંથ પર નજર નાખવા જેવી ખરી. સાથે શિષ્ટ સાહિત્યના ગઝલ સ્વરૂપને પોતીકું બનાવી ચારણ સર્જકે જણાવી દીધું કે ચારણો ચારણી સાહિત્યની સાથે આધુનિક ગુજરાતી સાહિત્ય સ્વરૂપમાં સર્જન કરી સાહિત્યિક નીરને એક માની રહ્યા છે.

**સંદર્ભ યાદી :**

૧) "હાજર છે હિંગોળ" હિંગોળદાન નરેલા સં. દિનેશભાઈ માવલ પ્રકા. ચરજ નેટવર્ક જાન્યુ. ૨૦૨૧ પૃ.૪૩,
૨) એજન પૃ. ૫૩.
૩) એજન પૃ. ૬૭.
૪) એજન પૃ. ૧૦૭.
૫) એજન પૃ. ૧૩૮.